# ફાટેલી અને ખરાબ નોટ બદલવાની સુવિધા

## 28 નવેમ્બર, 2002

જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ જાહેર અને ખાનગી ક્ષેત્રની બેંકોની શાખાઓને ફાટેલી / ખરાબ નોટ બદલી આપવાની સત્તા આપી છે. કોઇ પણ રકમની નોટ એકસચેન્જ થઇ શકશે અલબત્ત તેની કિંમત આરબીઆઇના (નોટ રિફન્ડ) ધારા, 1975 મુજબ ચૂકવવામાં આવશે.

ફાટેલી નોટ બદલવા માટે લોકોને વધુ સવિધા આપવા માટે આરબીઆઇએ ટીએલઆર (ટ્રીપલ લોક રિસેપ્ટેકસ) કવર્સ રાખ્યા છે. આરબીઆઇની દરેક રિજીયોનલ ઓફિસના ઇન્કવાયરી કાઉન્ટર પરથી લોકો આ કવર્સ મેળવી શકશે. તેમાં ફાટેલી નોટ રાખી પેપર ટોકન લેવાનું રહેશે. ફાટેલી નોટના બદલામાં તેનું મૂલ્ય બેંક ડ્રાફટ કે પે ઓર્ડરના રૂપે મળશે. ફાટેલી નોટને રજિસ્ટર્ડ / ઇન્સ્યોર્ડ પોસ્ટ દ્વારા પણ આરબીઆઇ ઓફિસે મોકલી શકો.

વધુ પડતી ડાઘવાળી, બળી ગયેલી કે વધુ ફાટીને સાવ ખરાબ થઇ ગયેલી નોટ આરબીઆઇની ઇસ્યૂ ઓફિસે જ બદલાવી શકાશે. આ માટે આવી રદ્દી નોટ ધારકે રિઝર્વ બેંકના ઇસ્યૂ ડિપાર્ટમેન્ટના કલેમ સેકશનના ઓફિસર ઇનચાર્જનો સંપર્ક સાધવો.

**અજીત પ્રસાદ**
**પ્રબંધક**

પ્રેસ રિલીઝ : 2002-2003/561